રજુ તારીખ: ૧૯/૦૮/૨૦૨૫
દાખલ તારીખ: ૧૯/૦૮/૨૦૨૫
ફેસલ તારીખ: ૧૮/૦૭/૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦–૧૦–૩૦

---

મહેરબાન એડી.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રટ સાહેબશ્રીની કોર્ટમાં મુ.ભિલોડા જી.અરવલ્લી

---

ક્રિ.પ.અરજ નં.૨૬૭ /૨૦૨૫
આંક –૧૬

અરજદાર :– (૧) રીટાબેન તે જયેશભાઈ લલ્લુભાઈ પરમારની સીધવા ઓરત અને કાન્તીભાઈ ધુળાભાઈ ચૌહાણની દીકરી
ઉ.વ.આ.–૩૩, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,

(૨) સગીર હેનીલ જયેશભાઈ લલ્લુભાઈ પરમાર
ઉ.વ.આ.–૦૫,ધર્મે–હિન્દુ, ધંધો–કઈ નહી,
હાલ બન્ને રહે.ભેટાલી, તા.ભિલોડા, જિ.અરવલ્લી
(સગીર અરજદારના કુદરતી વાલી તથા ઈસ્ટમીત્ર તરીકે અરજદાર નં.૧)

વિરૂધ્ધ

સામાવાળા:– (૧) જયેશભાઈ લલ્લુભાઈ પરમાર
ઉ.વ.આ.–૩૪, ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી,

(૨) પરમાર લલ્લુભાઈ ડાહ્યાભાઈ
ઉ.વ.આ.–૭૦ ધર્મે–હિન્દુ ધંધો–ખેતી,

(૩) પરમાર કોકીલાબેન તે લલ્લુભાઈ ડાહયાભાઈની સીધવા
ઓરત ઉ.વ.આ.–૬૫ ધર્મે–હિન્દુ ધંધો–ઘરકામ,

(૪) પરમાર આશિષભાઈ લલ્લુભાઈ
ઉ.વ.આ.–૨૬ ધર્મે–હિન્દુ ધંધો–નોકરી,

(૫) પરમાર ગુણવંતભાઈ લલ્લુભાઈ
ઉ.વ.આ.–૩૦ ધર્મે–હિન્દુ ધંધો–નોકરી,

(૬) પરમાર ઉર્મીલાબેન કીરીટભાઈ
ઉ.વ.આ.–૪૦ ધર્મે–હિન્દુ ધંધો–નોકરી
નં.૧ રહે.આંબેડકરનગર, જુની સીવીલ પાસે,
હિમતનગર,તા. હિંમતનગર, જિ.સાબરકાંઠા,
નં. ૨ થી ૫ રહે.ટાટા હાઉસીંગ,(વડસર), બ્લોક નં.૧૧
ઘર નં.૧૦૫, તા.જિ.ગાંધીનગર,નં.૬
રહે. ઢુંઢર, તા.હિમતનગર, જિ.સાબરકાંઠા

અરજદારો તર્ફે વિ.વકીલશ્રી ડી.એલ.ગઢવી
સામાવાળાઓ તર્ફે વિ.વકીલશ્રી એચ. બી. પરમાર

<u>અરજ :– ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષાના અધિનિયમ–૨૦૦૫ની કલમ– ૧૮, ૧૯,૨૦,૨૧,૨૨ મુજબ..</u>

## –:: ઠરાવ ::–

(૧) આ કામના અરજદારની અરજની હકીકત નીચે મુજબ છે. અમો અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે રહીએ છીએ અને અમો અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૩૦/૦૪/૨૦૧૮

ના રોજ અમારા સમાજના રીત રીવાજ મુજબ વડીલોની હાજરીમાં અમારા પિતાજીના ઘરે ભેટાલી મુકામે થયેલા આમ આ કામના સામાવાળા નં.૧ અમારા પતિ થાય છે.સામાવાળા નં.૨,૩ અનુક્રમે સસરા તથા સાસુ થાય છે તથા સામાવાળા નં.૪,૫ દિયર થાય છે અને સામાવાળા નં.૬ નણંદ થાય છે. લગ્ન સમયે અમારા પિતાજીએ યથાશક્તિ મુજબ કરીયાવરમાં કપડાંલત્તા , વાસણ, ફર્નિચર તથા જીવન જરૂરીયાતની તમામ ચીજ વસ્તુઓ આપેલ.

વધુમાં અરજદાર લગ્ન બાદ અમો અમારી સાસરી હિંમતનગર મુકામે અમારા પતિ તથા સાસુ સસરા તથા દિયર સાથે સંયુકત કુટુંબમાં રહેવા લાગેલ. અમો અરજદાર સામાવાળા પ્રત્યે લગ્નની તમામ ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવતા હતા અને અમારો ઘરસંસાર સુખેથી ચાલતો હતો. જેના ફળ સ્વરૂપ અમારા લગ્ન જીવનથી એક પુત્ર સંતાન નામે હેનીલ નો જન્મ તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ થયેલ. આમ અમારુ લગ્ન જીવન એકાદ વર્ષ સારૂ ચાલેલ. ત્યાર બાદ સામાવાળાઓનુ અમારા પ્રત્યેનુ વર્તન બદલાયેલ અને અમોને નાની નાની બાબતોમાં અમારા સાથે ઝગડો કરી મહેણા ટોણા મારી શારીરીક તેમજ માનસીક ત્રાસ આપવા લાગેલ મારા સાસુ સસરા તથા દિયર તથા નણંદ અમારા પતિને અમારા વિરૂધ્ધ કાનભંભેરણી કરી અમોને મારીઝુડ કરાવતા અને મારા સાસુ સસરા તેમજ દિયર તથા નણંદ એવાં મહેણા ટોણા મારાતા કે તારો બાપ ભિખારી છે કરીયાવરમાં સારાં ચાર વાસણ પણ આપેલ નથી તેમ કહી મહેણા ટોણા મારી શારીરીક તેમજ માનસીક ત્રાસ આપવા લાગેલ. મારા પતિ પણ મારા સાસુ સસરા દિયરની ચઢવણીથી અમોને અવાર નવાર મારઝુડ કરતા. મારા પતિ મારા ચારીત્ર ઉપર શંકા વહેમ રાખી અમોને મારઝુડ કરતા પરંતુ અમારો ઘરસંસાર ન બગડે તેમ સમજી અમો આવો ત્રાસ મુગા મોઢે સહન કરતા હતા અને જયારે જયારે અમારા પીયર આવતા ત્યારે આ અંગે અમારા પીયરપક્ષના માણસોને જાણ કરતા પરંતુ સામાવાળાઓ ભવિષ્યમાં સુધરી જશે અને સૌ સારાવાના થશે તેમ સમજી અમોને આશ્વાસન આપતા હતા.આ રીતે સામાવાળાઓએ અમોને અસંખ્યવાર અમારા ચારીત્ર ઉપર શંકા વહેમ રાખી મારઝુડ કરી કાઢી મુકતા

અને અમારા પીયરપક્ષના માણસો સામાવાળાઓને સમજાવી અમોને સાસરીએ મોકલતા પરંતુ સામાવાળાઓના વર્તનમાં કોઈ ફરક પડેલ નહી અને દિવસે દિવસે અમોને અસહ્ય ત્રાસ આપતા અને સામાવાળાઓ અમોને પુરતુ ખાવા પણ આપતા નહી અને સામાવાળા અમારા પતિ અમોને ઘર ચલાવવા સારૂ ઘરવખરી પણ લાવી આપતા નહી અને તેઓના પગારમાંથી એક પણ રૂપિયો ઘરખર્ચ માટે આપતા નહી. જેથી અમો અમારા પીયરમાંથી પૈસા લાવી ઘર ચલાવતા અમારા નણંદ પણ જયારે જયારે પિયર આવતા ત્યારે અમોને મહેણા ટોણા મારી એવુ કહેતા હતા કે તારો બાપો ભિખારી છે કરીયાવરમાં કઈ આપ્યુ નથી તેમજ અમારા પતિને અમારા વિરૂધ્ધ ઉશ્કેરણી કરી મારઝુડ કરાવતા.

વધુમાં ગઈ તા.૧૦/૦૮/૨૦૨૫ નારોજ આ કામના તમામ સામાવાળાઓએ ભેગા મળી અમોને મારઝુડ કરી અમારા દર દાગીના પડાવી લઈ પહેરેલે કપડે અમોને તથા અમારા દીકરાને કાઢી મુકેલ જેથી અમો અમારા પીયર આવેલ અને આ અંગે અમારા માતા પિતાને વાત કરતાં તેઓએ સામાજીક રીતે સમાધાન કરી અમોને તેડી લઈ જવા સારૂ પ્રયત્ન કરેલ પરંતુ સામાવાળાઓ માનેલા નહી અને અમારા પતિ અમોને વારંવાર એવી ધમકીઓ આપે છે કે, હું દવા પી મરી જઈશ અને તમારા બધાના નામો લખી જઈશ જેથી અમો અરજદાર હાલ અમારા પિયરમાં ઓશીયાળુ જીવન ગુજારી રહેલ છીએ. આ કામના સામાવાળાએ અમો અરજદારનો કોઈ પણ જાતના વ્યાજબી કારણ વગર અમોને શારીરીક તેમજ માનસીક ત્રાસ આપી અમારો ત્યાગ કરેલ હોઈ તેમજ અમારા ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ ન હોઈ આ અરજ આપ નામદાર કોર્ટમાં ગુજારવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

વધુમાં સામાવાળા નં.૧ ૧૦૮ માં ઈ.એમટી તરીકે નોકરી કરે છે અને માસીક રૂા.૨૫,૦૦૦/- ચોખ્ખો પગાર મેળવે છે તેમજ પગાર ઉપરાંત ભથ્થાઓ મેળવે છે. તેમજ સામાવાળા તેમના મુળ વતન સાબલી ગામે ચાર એકર વડીલોપાર્જીત ખેતીની જમીન ધરાવે છે જેમાં ત્રણે સીઝન ખેતી કરી વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/- ચોખ્ખી કમાણી કરે છે. સામાવાળા નં.૨ ખેતી કરી તેમનુ તથા સામાવાળા નં.૩ નુ ભરણપોષણ જાતે કરે છે તેમજ

સામાવાળા નં.૪,૫ નોકરી કરે છે.આમ સામાવાળા નં.૧ ને અમો અરજદારના ભરણપોષણ કરવા સીવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી. અમો અરજદાર કોઈ ધંધો હુન્નર ઉદ્યોગ જાણતા નથી.સામાવાળા સાબલી મુકામે પોતાની માલીકીનુ પાકુ મકાન ધરાવે છે તેમજ બે ઘરથારી પ્લોટ ધરાવે છે જેમાં અમારુ હીત સમાયેલ છે જેથી આ કામના સામાવાળા સદરહુ મીલકત કોઈના નામે કોઈ પણ રીતે તબદીલ કરે કરાવે નહી તેવો ન્યાયીક હુકમ ફરમાવવા મે. કરશોજી.

વધુમાં અરજદાર નં.૧ ને અમારા ભરણપોષણ તેમજ દવાદારૂ માટે માસિક રૂા.૧૦,૦૦૦/−ની જરૂરીયાત છે.જેમાં અમારી ભરણપોષણ, દવાદારૂ, કપડાલત્તા, ટ્રાવેલ ખર્ચ વિગેરેનો સમાવેશ થાય છે તેમજ અરજદાર નં.૨ ને તેમના ભરણપોષણ, દવાદારૂ, કપડાલત્તા તેમજ અભ્યાસ ખર્ચ માટે માસીક રૂા.૧૦,૦૦૦/−ની જરૂરીયાત પડે છે.જે અમો અરજદારને સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા મે.કરશોજી.સબબ અરજી કરી દાદ માગેલ છે કે,

સામાવાળા અમો અરજદારને ભિલોડા મુકામે ભાડાના મકાનની વ્યવસ્થા કરી આપે અથવા વિકલ્પે મકાન ભાડાના માસીક રૂા.૫૦૦૦/− ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા મે.કરશોજી. સામાવાળા નં. અમો અરજદાર નં.૧ ને અમારા ભરણપોષણ તેમજ દવાદારૂ માટે માસિક રૂા.૧૦,૦૦૦/− ની જરૂરીયાત છે જેમાં અમારી ભરણપોષણ, દવાદારૂ, કપડાલત્તા, ટ્રાવેલ ખર્ચ વિગેરેનો સમાવેશ થાય છે તેમજ અરજદાર નં.૨ ને તેમના ભરણપોષણ, દવાદારૂ, કપડાલત્તા તેમજ અભ્યાસ ખર્ચ માટે માસીક રૂા.૧૦,૦૦૦/− ની જરૂરીયાત છે. જે અમો અરજદારને સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા મે.કરશોજી.સામાવાળાઓએ અમો અરજદાર ઉપર કૌટુંબીક હિંસાનુ કોઈ કૃત્ય કરે કરાવે નહી તેમજ અમોને મિલકતનો ઉપયોગ કરતાં રોકે રોકાવે નહી અને અમો અરજદારના સ્વતંત્ર જીવન જીવવાના હકક ઉપર બીજો કોઈ અવરોધો કે અંતરાયો કરે કરાવે નહી તેવો હુકમ ફરમાવવા મે કરશોજી. સામાવાળાઓ એકસંપ થઈ એક બીજાની મદદગારી કરીને અમો અરજદાર

ઉપર ઘરેલુ હિંસાચાર આચરેલ હોઈ તેમજ અમો અરજદારનો પ્રથમ દર્શનીય કેસ હોઈ અમો અરજદારને ખુબ જ માનસિક યાતના વેઠવી પડેલ હોઈ તેના વળતર પેટે રૂા.૧,૦૦,૦૦૦/– સામાવાળાઓ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા મે.કરશોજી.આ અરજીનુ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવો. આપ નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવવા મે. કરશોજી.

(૨) અરજદાર ની અરજી દાખલ થયાબાદ પ્રોટેકશન અધિકારીનો રીપોર્ટ મંગાવવામાં આવેલ જે આંક–૪ થી રજુ છે. જે વંચાણે લીધો. સામાવાળાઓ વિરૂધ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને સામાવાળાઓ ઉપર નોટીસની બજવણી થઇ જતા સામાવાળાઓ આ અદાલતમાં તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઇ આંક–૦૮ થી જવાબ રજુ કરેલ છે.જેમા અરજદારની અરજીની હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરેલ છે. અને ખરી હકીકતમાં જણાવેલ છે કે,અરજદાર ગ્રેજયુએટ છે અને તેઓએ નર્સિંગ કરેલ છે અને બેંગ્લુરુથી ડીગ્રી મેળવેલ છે અને સદર ડીગ્રી મેળવ્યા બાદ હિંમતનગર બસ સ્ટેશન પાસે આવેલ સંજીવની હોસ્પીટલ ખાતે ડૉ.હિતેન પટેલના ત્યાં નોકરી પણ કરેલ છે અને નોકરી કરી માસીક રૂા.૧૦ થી ૧૫ હજાર રૂપિયા કમાતા હતા અને આ કામના અરજદાર ઘરકામ બાબતે કજીયો કંકાશ કરતા હતા જેથી શરૂઆતના લગ્નજીવનમાં અમો સંયુકત પરિવારમાં અમારા વતનમાં રહેતા હતા,પરંતુ આ કામના અરજદાર જીદ્દી તેમજ હઠાગ્રહ સ્વભાવના હોઇ અમો સામાવાળા નં.૧ ને ઉશ્કેરણી કરી અમારા માતા–પિતાથી અલગ રહેવાની જીદ પકડેલ જેથી અમો અમારો ઘરસંસાર ન બગડે તે સારુ આ કામના અરજદારને લઇને હિંમતનગર મુકોમ ભાડાના મકાનમાં રહેવા આવી ગયેલા અને છેલ્લા ત્રણેક વર્ષથી હિંમતનગર સીટીમાં રહેતા હતા અને અમો સામાવાળા નં. ૧નાઓ ૧૦૮માં નોકરી કરી મહિને માત્ર પચ્ચીસેક હજાર જેટલી નજીવી રકમ કમાતા હોઇ આટલી કારમી મોંઘવારીમાં મકાન ભાડુ, ઘરખર્ચ અને માતા–પિતાની જવાબદારી અમો સામાવાળા નં.૧ ઉપર હોઇ તેમ છતાં આ કામના અરજદાર માતા–પિતાનો

ત્યાગ કરાવી હિંમતનગર મુકામે રહેવા આવી ગયેલા અને કહેતા કે મને ગામડામાં ફાવતુ નથી અને હિંમતનગર રહેવા આવ્યા બાદ પણ આ કામના અરજદાર કજીયો, કંકાસ કરી પોતાના પિયર ભેટાલી મુકામે ચાલ્યા ગયેલા ત્યારબાદ સામાવાળા નં. ૧ નાએ સમાજમાં અરજી કરેલ અને બંને સમાજના પ્રતિષ્ઠીત વ્યક્તિઓની હાજરીમાં સમાધાન કરી પરત તેડી લાવેલા અમારા લગ્નજીવનથી અમોને સંતાનમાં એક પુત્ર નામે હેનીલ જન્મ થયેલો જેની હાલ ૬-વર્ષની ઉંમરનો છે.ત્યારબાદ હિંમતનગર મુકામે અમો રહેતા હતા ત્યાં આ કામના અરજદારના માતા-પિતા તથા તેમની બહેન ભાવના અવાર-નવાર સામાવાળાના ઘરે આવતા અને અમો સામાવાળાની ગેરહાજરીમાં આ કામના અરજદારને અમો તથા અમારા માતા-પિતા વિરૂધ્ધ ચઢમણી તેમજ ઉશ્કેરણી કરી હેરાન-પરેશાન કરતા હતા અને અરજદાર જીદ્દી સ્વભાવના હોઇ જેથી અમો સામાવાળા નોકરી જતા રહીએ તે દરમ્યાન મોબાઇલ ઉપર અન્ય ઇસમ નામે મયંક નામના છોકરા સાથે લાંબા સમય સુધી મોબાઇલ ઉપર વાર્તાલાપ અને ટેક્ષ મેસેજ કરતા હતા જેનો મો.નં. ૮૨૩૮૫૫૭૪૬૦ છે જે મેસેજ આ કામના અરજદાર ડીલીટ કરી નાંખતા હતા અને આ મેસેજો અમો સામાવાળાએ જોયેલ છે જે બદલ આ કામના અરજદારે અમો સામાવાળાને ટેક્ષ મેસેજ કરી માફી પણ માંગેલ છે જેના પુરાવા અમો સામાવાળા પાસે છે જે નામદાર કોર્ટમાં રજુ કરીશું.

વધુમાં અરજદાર ભણેલા ગણેલા હોઇ તેમજ નર્સિંગનો અભ્યાસ કરેલ હોઇ અને હાલમાં ભેટાલી મુકામે પ્રાઇવેટ હોસ્પીટલમાં નોકરી કરી મહિને રૂા. ૧૦,૦૦૦/-હજાર કમાય છે તેમજ અરજદારના પિયર ભેટાલી ગામે તેમની વડીલોપાર્જીત જમીન આવેલી હોઇ તેમજ પ્રધાનમંત્રી ખેડૂત સમૃધ્ધી યોજનામાં વર્ષે રૂા.૬૦૦૦/-મળે છે તેમજ જમીનમાંથી વર્ષે તેમના પિતાશ્રીને ખેતીમાં મદદગારી કરી તેમજ અરજદારના ભાગે વર્ષના રૂા.૨૫,૦૦૦/-ની આવક મેળવે છે.જેથી પણ અરજદાર પોતે પગભર હોઇ, સુખીસંપન્ન ખેડૂત હોઇ તેમજ પ્રાઇવેટ હોસ્પીટલમાં નોકરી કરી આવક મેળવતા હોઇ જેથી અરજદાર ભરણપોષણ માંગવા કે મેળવવા હકદાર નથી તેમજ આ કામના અરજદાર સગીર સંતાનને મળવા દેતા નથી અને

સામાવાળા નં. ૧ પિતાશ્રીનો પ્રેમ, હુંફ, લાગણી તેમજ અભ્યાસ, કપડાલત્તા વગેરે વંચિત રાખે છે.

વધુમાં અરજદારના માતા-પિતા નામે ડાહીબેન કાન્તિભાઇ ચૌહાણનાઓ પણ અગાઉ ઇડર તાલુકાના અરોડા ગામમાંથી છુટાછેડા લીધેલા અને બીજા લગ્ન ભેટાલી મુકામે કરેલા જે લગ્નના ફળસ્વરૂપે બે છોકરીઓ જેમાં (૧) રીટાબેન (૨) ભાવનાબેન છે જે રીટાબેનના લગ્ન આ કામના સામાવાળા નં. ૧ ની સાથે થયેલ છે જયારે ભાવનાબેનના લગ્ન ભિલોડા મુકામે તુષારભાઇનાઓની સાથે આશરે બેએક વર્ષના અરસામાં કરેલ જે લગ્નજીવનથી પણ છુટાછેડા લેતા સમયે રૂા.૨,૮૦,૦૦૦/- સામાજીક રાહે જયેશભાઇ એટલે કે આ કામના સામાવાળા નં. ૧ની હાજરીમાં લીધેલા અને પોતાના પિયરમાં બેઠેલ છે અને હાલમાં પણ બીજી કોઇ જગ્યાએ લગ્ન કરેલ નથી, તેજ મુજબ અરજદારના પિતાશ્રી કાન્તિભાઇના પણ આ અગાઉ પ્રથમ લગ્ન બોલુન્દ્રા મોડાસા, અરવલ્લી મુકામે લગ્ન કરેલા જે લગ્નના ફળસ્વરૂપે એકપુત્ર સંજયનો જન્મ થયેલો અને પત્નિનું મરણ થવાથી આ બીજુ લગ્ન કરેલ છે.આ કામના અરજદારના ભાઈ સંજયભાઈ પણ અરજદાર તેમજ તેમના ઘરના સભ્યોના ત્રાસના કારણે તેમની પત્નિ નામે નીરૂબેન સાથે હિંમતનગર મુકામે રહી પોતાનું ગુજરાન ચલાવે છે અને આ સંજયભાઇ પ્રથમ પત્નિનો પુત્ર હોઇ તેમની સાથે ઓરમાયુ વર્તન કરેલ હોઇ સંજયભાઈ હિંમતનગર મુકામે એકલવાયુ જીવન પસાર કરે છે.વધુમાં ગઇ તા.૮/૮/૨૦૨૫ના રોજ એટલે કે રક્ષા બંધનના આગલા દિવસે સામાવાળા નોકરી ઉપર હોઇ સામાવાળા કે સામાવાળાના ઘરના સભ્યોને કહ્યા વગર આ કામના અરજદાર પોતાની મરજીથી જયેશભાઈનો ત્યાગ કરી સગીર પુત્ર હેનીલ સાથે અરજદારના પિયર ભેટાલી મુકામે પોતાની જાતે જતા રહેલા છે. ત્યારથી આજદિન સુધી સામાવાળા ઘરે પરત આવેલ નથી.વધુમાં આ કામના અરજદારને સમાજ રાહે તેડી લાવવાં અમો સામાવાળા નં.૧ ઘણા બધા પ્રયત્નો કરેલ હોવા છતાં અરજદારના જીદ્દી સ્વભાવના કારણે આજદિન સુધી સામાવાળાના ઘરે લગ્નજીવનના હકકો ભોગવવા આવેલ નથી અને એકમાત્ર ભરણપોષણની રકમ મેળવવા તેમજ અમો સામાવાળાને ત્રાસ આપવા સારુ

હાલની તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળી અરજી અમો સામાવાળાઓ વિરૂધ્ધ કરેલ છે.જે અરજી જોવામાં આવે તો આ કામના સામાવાળાના માતા-પિતા હાલમાં પ્રતાપગઢ (સાબલી),રામાયણ, તા.ઇડર,જી.સાબરકાંઠા મુકામે સંયુકત ફેમીલીમાં રહે છે તેમજ નણંદનું લગ્ન થઇ ગયેલ હોઇ તે પોતાના પિયરમાં રહે છે તેમ છતાં આ કામના અરજદારે સામાવાળા નં.૨ થી ૬ નાઓને ખોટી રીતે જોડી હેરાન-પરેશાન કરવાના ઈરાદે હાલની આ ખોટી અરજી કરેલ છે.

(૩) ત્યાર બાદ સદર અરજીના કામે અરજદાર તર્ફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયલ છે.

<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવા</u>

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | રીટાબેન જયેશભાઈ પરમારનુ સરતપાસનું સોગંદનામું | ૧૨ |

અરજદારો તરફે ઉપરોકત પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી. અરજદારો તરફે આંક-૧૪ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૪) ત્યાર બાદ સદર અરજીના કામે સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. અને સામાવાળા તરફે આંક-૧૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૫) અરજદાર રીટાબેન જયેશભાઈ લલ્લુભાઈ પરમારનુ આંક-૧૨ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને તેમાં અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે જેથી પુનરાવર્તન ટાળવા માટે સરતપાસની ચર્ચા લંબાણ પૂર્વક કરવામા આવતી નથી.

ત્યાર બાદ આંક-૧૨ લગત અરજદાર અરજદાર રીટાબેન જયેશભાઈ લલ્લુભાઈ પરમારની સામાવાળાના વિ.વ.શ્રી.એચ.બી.પરમાર દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ અરજદાર જણાવે છે કે, હું ગ્રેજયુએટ સુધી ભણેલ છુ તથા જનરલ નર્સીંગનો અભયાસ કરેલ છે.લગ્ન રાજીખુશીથી કરેલા.મને હેરાન કરે છે તેની અરજી કરેલ છે.હુ મારા પતિ સાથે જવા તૈયાર છુ પરંતુ મારા પતિ શારીરીક માનસિક રીતે હેરાન કરે છે. મારા પતિ મને હેરાન કરે છે તે બાબતે ભિલોડા પો.સ્ટે. ફરીયાદ આપેલ છે. મારા પતિ મને લખાણ કરીને લઈ જાય તો પણ હું જવા તૈયાર નથી.મારી સાસરી સાબલી,તા.ઈડર મુકામે છે.લગ્ન બાદ અમો સાબલી મુકામે રહેવા ગયેલા.એક વર્ષ સુધી લગ્ન જીવન સારી રીતે ચાલેલુ.લગ્ન બાદઅમો સંયુકત કુટુંબમાં રહેતા હતા.અમારા સમાજમાં કરીયાવર આપવાનો રીવાજ નથી.મારા સસરાની ઉંમર ૭૦ વર્ષ અને મારી સાસુની ઉંમર ૬૫ વર્ષ છે.મારા સાસુ-સસરા બીમાર થાય તો દવા કરાવવી પડે.સામાવાળા નં.૫ ગુણવંતભાઈના લગ્ન થઈ ગયેલા છે. સામાવાળા નં.૬ ઉર્મિલાબેનના લગ્ન થઈ ગયેલ છે. ઉર્મિલાબેન વાર તહેવારે એમના પીયરમાં આવે છે.વાર તહેવારે પ્રસંગોમાં ખર્ચાની જવાબદારી મારા પતિ પર આવે છે.મારા પતિનુ હિંમતનગર મુકામે મકાન આવેલ નથી.અમારા લગ્ન તા .૩૦/૦૪/૧૮ ના રોજ થયેલ અને બાળકનો જન્મ તા.૨૩/૦૬/૨૦ ના રોજ થયેલોસને-૨૦૨૫ સુધી ઘરસંચાર સારીરીતે ચાલતો હતો.આ બાબતે હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ નથી.હું એન્ડ્રોઈડ મોબાઈલ ધરાવુ છુ.મારા પતિ પ્રાઈવેટ નોકરી ૧૦૮ એમ્બ્યુલેન્સમાં કરે છે.તેમને ફોન આવે ત્યારે ગમે ત્યારે નોકરી પર જવુ પડે.મારા પતિ ૧૦૮ એમ્બ્યુલેન્સમાં નોકરી કરતા હોઈ જેથી અમો હિંમતનગર મુકામે રૂા.૨૫૦૦/- ના ભાડાના મકાનમાં રહેતા હતા.મારે પિતાને થોડી ખેતીની જમીન છે.સામાવાળા જમીન મિલકત ધરાવે છે તેના પુરાવા રજુ કરેલ નથી.

(૬) ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રી.ડી.એલ.ગઢવી તથા સામાવાળા ના વિ.વ.શ્રી.એચ.બી.પરમાર ની મૌખિક દલીલો સાંભળી.

(૭) સદરહું અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર સાબિત કરે છે કે,સામાવાળાએ અરજદારને મારઝૂડ કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપી ઘરથી બહાર કાઢી મૂકેલ છે ?

૨. શું અરજદાર સાબિત કરે છે કે, કૌટુંબીક હિંસાથી ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૧ ૮ હેઠળ સામાવાળાઓથી રક્ષણ મેળવવા હકદાર છે ?

૩. શું અરજદાર કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ,૨૦૦૫ ની કલમ–૧૯ હેઠળ સામાવાળા નં.૧ પાસેથી રહેઠાણનો હુકમ મેળવવા હકદાર છે ?

૪. શું અરજદાર કૌટુંબિક હિસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૦ હેઠળ સામાવાળા નં.૧ પાસેથી નાણાકીય રાહત, નુકશાની તેમજ ખર્ચની રકમ મેળવવા હકદાર છે ?

૫. શું અરજદાર કૌટુંબીક હિસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ,૨૦૦૫ ની કલમ–૨૨ રૂા. ૨,૦૦,૦૦૦/–વળતર મેળવવા હકદાર છે ? હેઠળ

૬. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાના જવાબ નીચે મુજબ છે

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશત:હકારમાં

(૪) અંશત:હકારમાં

(૫) અંશત:હકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

(૯)<u>મુદ્દા નં.૧ અને ૨</u>

હાલની અરજી ધ્યાને લેતા સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ થાય છે અને ઉપરોકત કૈટુંબિક સંબંધોની વ્યાખ્યા ધ્યાને લેતાં અરજદાર અને સામાવાળા વચ્ચે કૌટુંબિક સંબંધનું જણાઈ આવે છે. આમ પક્ષકારો વચ્ચે "કોટુંબિક સંબંધ" પ્રાથમિક દ્દષ્ટિએ જણાઈ આવે છે. અરજદાર આ કામના સામાવાળા નં.૧ ના પત્ની થાય છે અને તેઓ સામાવાળાઓ સાથે તેમની સાસરી મુકામે રોકાયેલ તથા સામાવાળા અરજદારને હેરાન પરેશાન કરતા હતા તથા તેમની સાથે કજીયા ઝગડા કરતા હતા વારંવાર માઝુડ કરતા હતા. તેઓને મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ. તેમ છતાં અરજદાર તેમનો ઘરસંસાર બગડે નહી તે હેતુથી સામાવાળાઓને ત્રાસ સહન કરીને રહેતા હતા.સામાવાળાઓ તેઓને અતીશય ત્રાસ આપતા હોવા છતાં સામાવાળા નં.૧ ભવિષ્યમાં સુધરશે તે આશાથી તેઓ તેમનો ત્રાસ ચુપચાપ સહન કરીને રહેતા હતા અને તેમને મારઝુડ કરી પહેરેલ કપડે તેમના પુત્ર સાથે ઘરમાંથી કાઢી મુકેલી.આમ અરજદારની સોગંદ ઉપરનુ પુરાવાનુ સોગંદનામું જોતા કોઈ પણ સ્ત્રી પોતાનું લગ્ન જીવન શરૂઆતના તબકકામાં

જ બગાડે નહી તથા પોતે તેના પતિ સાથે રહેવા તૈયાર હોઈ તેઓની સાસરી તથા સામવાળા નંબર–૧ ના નોકરીના સ્થાને પણ રોકાયેલી.આમ ઉપરોકત હકીકત જોતાં સામાવાળાઓએ અરજદાર સાથે હિંસા આચરેલ છે જેથી અરજદાર સામાવાળા વિરૂધ્ધ રક્ષણ મેળવવા હકદાર બને છે જેથી મુદા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નંબર. ૩</u>

અરજદાર જણાવે છે કે, તેઓ સામાવાળા નંબર–૧ ના પત્ની થાય છે. અરજદારની સાસરી સાબલી,તા.ઈડર, જિ.સાબરકાંઠા મુકામે આવેલ છે તથા અરજદારનું પિયર ભેટાલી, તા.ભિલોડા, જિ.અરવલ્લી મુકામે આવેલ છે.અરજદાર લગ્ન પછી તેઓની સાસરી સાબલી ,તા.ઈડર,જિ.સાબરકાંઠા મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા અને સામવાળા નંબર–૧ ના નોકરીના સ્થળે પણ રહેવા ગયેલા.અરજદાર તેઓની સાસરીમાં તેમના સાસુ,સસરા તથા તેમના પતિ રહેતા હતા. અરજદાર હાલમાં ભિલોડા મુકામે રહે છે.

આમ,જો અરજદારને તેમની સાસરી સાબલી ,તા.ઈડર, જિ.સાબરકાંઠા તથા સામાવાળા નંબર–૧ ની સાથે તેમના સંયુકત કુટુંબના મકાનમાં અલગ રૂમની સગવડ તથા તે ઘરમાં રહેવાની સગવડ કરવામાં આવે તો અરજદાર તથા સામાવાળા વચ્ચે વધુ ઘર્ષણ થાય તેમ છે આમ અરજદારને ભિલોડા,જિ.અરવલ્લી મુકામે ઘર ભાડાની રકમનો વ્યવસ્થા કરવાનો હુકમ કરવો યોગ્ય જણાતો હોઈ મુદા નં.૩ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નંબર. ૪</u>

અરજદારે પોતાના માટે નાણકીય રહતોમાં અરજદારદો નં.૧ તથા નં.૨ ભરણ પોષણ તેમજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે તેમજ તેઓના ભરણપોષણ તેમજ જીવન જરૂરીયાતની બીજી ચીજવસ્તુઓ માટે માસિક રૂા. ૨૦,૦૦૦/– ની માંગણી કરેલ છે.અરજદાર જણાવે છે કે, સામાવાળા નંબર–૧ ખેતીની જમીનમાંથી વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/– કમાઈ

છે.સામાવાળા નં. ૧ ખેતીની જમીન ધરાવતા હોય કે ખેતી કરતા હોય તેના રેવન્યુ રેકર્ડના ઉતારા કે કોઈ લેખીત પુરાવા રજુ કરેલ નથી.આમ,સામાવાળા નં.૧ ખેતીમાંથી આવક મેળવતા હોય તેવુ અરજદારે પુરવાર કરેલ નથી.અરજદાર જણાવે છે કે સામાવાળા એક મકાન અને બે પ્લોટ ધરાવે છે પરંતુ સામાવાળા નં.૧ મકાન કે પ્લોટ ધરાવતા હોય તેના કોઈ પુરાવા અરજદાર તર્ફે રજુ કરવામાં આવેલ નથી આમ સામાવાળા નં.૧ મકાન કે પ્લોટ ધરાવતા હોય તે અરજદાર પુરવાર કરેલ નથી.

અરજદાર જણાવે છે કે સામાવાળા નં.૧ ઈ.એમ.ટી(૧૦૮) માં નોકરી કરી માસીક રૂપિયા ૨૫,૦૦૦/-હજારનો ચોખ્ખો પગાર મેળવે છે. સામાવાળા નં.૧ પણ તેઓના આંક-૮ ના જવાબમાં જણાવે છે કે તેઓ ઈ.એમ.ટી(૧૦૮) માં નોકરી કરી માસીક રૂપિયા ૨૫,૦૦૦/-હજારનો પગાર મેળવે છે આમ, અરજદાર તથા સામાવાળા નં.૧ ના બન્ને જણ સામાવાળા નંબર.૧ ના પગાર બાબતે એકજ હકીકત જણાવેલ છે તથા અરજદારે સામાવાળા નં.૧ ની માસીક પગાર રૂા.૨૫,૦૦૦/-ની હકીકતનો સામાવાળા નં.૧ એ સ્વીકારેલ છે. આમ,સામાવાળા નં.૧ ઈ.એમ.ટી(૧૦૮) માં નોકરી કરી માસીક રૂપિયા ૨૫,૦૦૦/-હજારનો પગાર મેળવતા હોવાનું જણાય છે. આમ,અરજદાર નં.૧ તથા ૨ નાઓ સામાવાળા નંબર-૧ પાસેથી ભરણપોષણ મેળવવા હકકદાર છે જેથી મુદ્દા નં.૪ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નંબર. ૫</u>

અરજદારે કલમ-૨૨ મુજબ સામાવાળા પાસે નુકશાની વળતર માં ગેલ છે તે જોતા અને પુરાવાનું મૂલ્યાંકન કરતા અરજદારને પોતાના પતિનું ઘર છોડવા મજબૂર થયેલ છે અને અપમાન સહન કરવું પડેલ છે અને અરજદારે રૂા.૧,૦૦,૦૦૦/- ની માંગણી કરેલ છે પરંતુ તેવો કોઈ સીધો પુરાવો અરજદારે રજૂ કરેલ નથી કે તેઓને કેટલું નુકશાન થવા પામેલ છે તે રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ અરજદારને તેઓના પતિના કારણે ઘર છોડવુ

પડેલ હોય જેથી તેઓ નુકશાન વળતર મેળવવા હકકદાર હોય જેથી મુદ્દા નં. ૫ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.

આમ,સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદારને સામાવાળા તરફથી કૌટુંબિક હિંસા આચરેલ હોય અને તેવા કારણે અરજદારને માનસિક ત્રાસ તથા ભાવનાત્મક સતાપ થયેલાનું જણાય છે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૧ થી ૫ પરત્વેનો જવાબ મુદ્દા નં.૬ માં આપી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

-:: આખરી હુકમ ::-

(૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ કલમ-૧૮ અન્વયે અને અરજદારને કોઈપણ પ્રકારની ક્ષતિ પહોંચાડવી નહીં.સામાવાળાઓએ અરજદાર જે જગ્યાએ રહેતા હોય ત્યાં પ્રવેશ કરવો નહી

(૩) આ કામના સામાવાળા નં.૧ નાઓએ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અરજદાર નં.૧ ને રહેઠાણ માટે ભાડાની રકમ માસીક રૂા.૧૫૦૦/-(અંકે રૂપિયા પંદરસો પૂરા) દરેક મહિને ચડે ચડયા અરજી કર્યાની તારીખથી અરજદારને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાળા નંબર-૧ નાઓએ અરજદાર નં.૧ નાઓને માસીક રૂા.૩૫૦૦/- તથા અરજદાર નં.૨ ને માસીક રૂા.૨૫૦૦/- કુલ રૂપિયા ૬,૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પૂરા) ભરણ પોષણની રકમ અરજી દાખલ કર્યા તારીખથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદાર નં.૨ સગીર હોય અરજદાર નં.૨ ની ભરણપોષણની રકમ અરજદાર નં.૧ ને ચૂકવી આપવી.

(૫) સામાવાળા નં.૧નાંઓ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૨ મુજબ અરજદારને વળતર પેટે રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે સામાવાળાઓ સામેની અન્ય કોઈ દાદ મંજુર કરવામાં આવતી નથી.

(૭) સદર હુકમની એક નકલ વિના મૂલ્યે સદર કાયદાની કલમ-૨૪ અન્વયે અરજદાર, સામાવાળાને આપવી તથા સબંધિત પોલીસ સ્ટેશને જાણ સારુ મોકલી આપવી.

(૮) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા.૧૮મી,માહે-જુલાઇ,સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૭/૨૦૨૬ (તુષારકુમાર વિરાભાઈ પરમાર)
સ્થળ:ભિલોડા એડિશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ભિલોડા કોડ નં.જી.જે.૦૧૦૮૪